સયલ સંઘ અપૂછિ એક વાર, ગુરુ કહિ તવ ધર્મવિચાર.
તપગચ્છિ હેમવિમલસૂરિરાય, જસ નામિ પાતક પડલ જાય. ૪૮૪
તાસ પાટિ અતિ ઘણી જગીસ, શ્રી સૌભાગ્યહર્ષ સૂરીસ,
તસ શિષ્ય હર્ષલાભ પંડિત સાર, કહિ અભિનવ ગૌતમ અવતાર.
તે પંન્યાસ તિહાં ચુમાસિ, સયલ સંઘ આણંદ ઉલ્હાસિ,
કરઇ વખાણ તે અતિ સુપવિત્ર, અગડદત્તનું કહિઉં ચરિત્ર. ૪૮૬
તેહ વચન લઈ અનઘ સુબુદ્ધિ, સરસતિ ચરણકમલ મનિ ધરિઉં,
આણંદ આણી કવિ ધરમચંદ, તિહાંનુ મન ઉપનુ આણંદ. ૪૮૭
એક રાસ રચીઉં ચોસાલ, પુણ્ય સંબંધ તે એહ રસાલ,
સંવત સોલ સુરસઠી જોઈ, અધિકઉ નહિ ઓછઉ કોઈ. ૪૮૮
તિથિ ચૌદશિ સોમવઈ સુપવિત્ર, વાર શનૈશ્વર પુષ્ય નક્ષત્ર,
રચિઉ રાસ સમર્થ એકચિત્ત. અગડદત્તનું કહિઉં ચરિત્ર. ૪૮૯

દુહા.

પઢઇ ગુણઇ જે સાંભલઇ, નરનારી ઉલ્હાસિ,
અગડદત્ત કેરી કથા, તે નાવઇ ગર્ભવાસિ. ૪૯૦
પાંચ ખંડ પૂરે કરી, રચીઉ એહ પ્રબંધ,
ભીમ ભણઇ ભવીયણ સુણો, જ્યુ છૂટઇ ભવબંધ. ૪૯૧

(૧) પ.સં. ૨૮-૧૧, ડાહ્યાભાઈ વકીલ સુરત. (૨) પ.સં. ૩૨, લીં. ભં. દા.૩૪ નં.૪૫. (૩) સં.૧૬૩૦ શ્રા. શુ. ૯ બુધ લ. વકીલ ચતુરભાઈ બેણીદાસ ચોક. મંગે ધી આણંદજી કલ્યાણજી ભંડાર અમદાવાદ, પ.સં.૧૯-૧૪, ખેડા ભં. દા.૮ નં.૯૯. [લીંહસૂચી (કર્તાનામ નથી).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૩૮, ભા.૩ પૃ.૫૬૫-૬૭ તથા ૧૦૫૫.]

## ૨૨૩. સાધુરત્નસૂરિ

આ સાધુરત્ન તે પાર્શ્વચંદ્રસૂરિ કે જેણે સં.૧૫૭૨માં જુદો ગચ્છ કાઢ્યો તેના ગુરુ કહાય છે; અને જો તે હોય તો તેના ગુરુપરંપરાની પટ્ટાવલિ 'ઇંડિયન એન્ટિક્વેરી'ના ૧૮૯૪ના અંકમાં આપેલ પાયચંદગચ્છની પટ્ટાવલિ પ્રમાણે પૂર્ણચંદ્રસૂરિ-તેના હેમહંસસૂરિ-લક્ષ્મીનિવાસસૂરિ-પુણ્યરત્નસૂરિ અને તેના સાધુરત્નસૂરિ અને તેના પાર્શ્વચંદ્રસૂરિ એ પ્રમાણે છે.

**(૪૭૨) કયવન્ના રાસ**

આમાં ચોપાઈ ઢાળો છે

**આદિ** – પણમિય વીર જિણેસર દેવ, સરસતિ સામિણિ સમરી એવ,

કર જોડીનઈ કહું વિચાર, કયવન્નાનઉ રાસ રસાલ. ૧
દાન વડું જગમાંહિ સંસારિ, દાનઇ દુર્ગતિ દૂરઈ વારિ,
દાનઇ સુખ સંપતિ સંયોગ, દાનઈ મનવંછિત લહીઇ ભોગ. ૨

અંત – સાધુરત્નસૂરી ઇમ ભણઈ, કયવન્નાનું ચરિત્ર જે સુણઈ,
ભણઈ ગણઈ નઈ જે વલી ગાયઈ, સહિ રયણ નવનિધિ આંગણઈ. ૨૧૫

(૧) મુનિશ્રી માનસાગર પઠનાર્થે. પ.સં. ૫-૧૨, ધો.ભં.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૮.]

## ૨૨૪. પાર્શ્વચંદ્રસૂરિ (બૃહત્તપા. નાગોરી તપા. સાધુરત્નશિ.)

હમીરપુર નગરના પ્રાગ્વંશના વેલગશાહ પિતા, વિમલાદે માતા. જન્મ સં.૧૫૩૭ ચૈત્ર શુદિ ૯ શુક્રવારે, દીક્ષા સં.૧૫૪૬, ઉપાધ્યાય પદ સં.૧૫૫૪. આચાર્યપદ સં.૧૫૬૫, યુગપ્રધાનપદ સં.૧૫૯૯ અને સ્વર્ગવાસ સં.૧૬૧૨ જોધપુરમાં. તેમણે મારવાડના રાજા રાવમાલદે તથા યુવરાજ ચંદ્રસેનજીને પ્રતિબોધ્યા હતા, તેમજ મુહણોત ગોત્રના ક્ષત્રિય રજપૂતોનાં ૨૨૦૦ ઘર પ્રતિબોધી ઓશવાલ શ્રાવક કર્યાં, તેમજ ગુજરાતમાં ઉનાવા ગામમાં વૈષ્ણવ લોકોને મહાદેવને ચમત્કાર દેખાડી શ્રાવક કર્યા તે હજુ મોજુદ છે. વળી બીજાં અનેક ગામના શ્રાવકો માહેશ્વરી થયેલા તેમને પ્રતિબોધી ફરી શ્રાવકો બનાવ્યા હતા. તેમના પરથી પાર્શ્વચંદ્રગચ્છ નીકળ્યો છે. મૂળ તે નાગપુરીય તપાગચ્છ કહેવાય છે.

(૪૦૩) + સાધુવંદના

આદિ – રિસહ જિણ પમુહ ચઉવીસ જિણ વંદિઈ
જેહિ સંસારના દુખ સવિ છિંદિઈ
પુંડરીકાદિ ગણધાર મુનિ સાધુજી
સાર પરિવાર જગિ જાસુ મહિમા ઘણી ૧

અંત – કલસ.
ઇમ જૈનવાણી જોઈ જાણી વિમલ વાણી ગાઢ ભરયા,
ભવતરણતારણ, દુઃખવારણ, સાધુ ગુણગુણિ જે થુણ્યા,
ઇમ આગઈ મુનિવર જેહ કેવલી, ભાવિ અનંતા જે હુઆ,
તે સત વંદિઉ શ્રી પાસચંદઈ મનિ આણંદઈ સંથુઆ. ૮૮

(૧) સં.૧૬૮૬ વૈ. શુ. ૬ રવિ. પ.સં. ૬-૧૩, સંઘ ભં. પાટણ દા.૬૭ નં.૨૩. (૨) સં.૧૭૨૬ શાકે ૧૫૯૧ આશ્વિન શરદ ઋતૌ અષ્ટમી કર્મવાટી પુંસ્ત્રીલિંગ વાસરે સૈત અતીથૈ ભુવરા જયરાજ સુત ઠાકુરા

નગરાજ સ્વપઠનાર્થં લિખાપિતો. પ.સં. ૭-૧૧, ખેડા ભં.૩. (૩) ઇતિ સૂત્રોક્ત આજ્ઞાચંદના. પ.સં. ૫-૧૩, આર્ય. પ્રત, મુક્તિ૦ નં.૨૩૬૭. (૪) સા. રાજા સુતરત્ન સા. કચરા વાચનાર્થં. પ.સં. ૬-૯, ડો. ભં. દા.૮૩ નં.૬૫. (૫-૬) પ.સં. ૫, ગ્રં. ૮૮ અને પ.સં. ૬, લીં. ભં. દા.૪૧ નં.૩૧. (૭) સ્થવર ઋષિ શ્રી ૬ જસવંતજી તત્ શિષ્યેન લિ૦ મુનિ વીરસાખ્યેન પઠનાર્થં ... શ્રી કુરસી.ઈ. પ.સં. ૫-૧૪, ડા. ભં. દા.૮૨ નં.૨૦૫. (૮) પ.સં. ૭, ગા. ૮૯, પ્રતિ ૧૮મી સદીની, જિ. ચા. પો.૮૪ નં.૨૧૮૦. (૯) પ.સં. ૩, પ્રતિ ૧૮મી સદીની, જિ. ચા. નં.૨૧૮૫. (૧૦) [મ. જિન-દત્તસૂરિ. સહિ૦ ...લિ. કુ. આનંદસાગર લિ. પ.સં. ૪-૧૫, મુનિ સુખસાગર પાસે. (૧૧) કચ્છી દ. ઓ. (૧૨) પ્ર.કા.ભં. (૧૩) પ.સં. ૬-૧૪, મ. બ. (૧૪) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [જિહાપ્રોસ્ટા, મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૮, ૧૯૨, ૨૨૬, ૪૫૧, ૫૦૯).]

પ્રકાશિત : ૧. પ્રાતઃસ્મરણીય પ્રકરણસંગ્રહ, સં.૧૯૭૦, અને ૧૯૧૪.

**(૪૦૪) પાક્ષિક છત્રીશી**

આદિ – પ્રણમિય પડિકમઈ વીર જિણંદ

અંત – શ્રી પાસચંદ પભણઈ સુખ લહઈ.

(૧) પ.સં. ૧-૧૧, લીં. ભં. દા.૩૧ નં.૩૭. (૨) ... (૩) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૨, ૪૫૧, ૪૬૬).]

**(૪૦૫ ક) અતિચાર ચોપાઈ ગા. ૧૫૧**

આદિ – નાણું દંસણ ચારિત્ર જાણિ, સમકિતનું તત ભાવ વખાણિ,
સંલેહણ તપ વિરિયાચાર, તિહનાં આલોયસું અતિચાર. ૧

અંત – એવં શ્રાવકના અતિચાર, એકસો ચોવીસે સુવિચાર,
એક મંડી કરી ચોપઈ, પાસચંદ્રિ મુનિ હરષે કહી ૧૫૦
પામી મિચ્છાસિદ્ધિ સંપજઈ, સઘળો શ્રાવક આદર કરી,
શ્રાવિકા ભવિયણના દુરિત સદ., સદ્ધિઓ શિવસુખ ને સંપદા. ૧૫૧

(૧) લિ૦ ... નામે ... સં.૧૬૩૫ ... સુદ ૧૨ સોમે પઠનાર્થં બાઈ ... પ.સં. ૯-૧૧, ... (૨) સં.૧૬૫૭, ગ્રં.૧૫૬, લીં.ભં. દા.૩૯ નં.૫૩. (૩) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

**(૪૦૫ ખ) + અતિચાર અનારિયભાષા ૩૬ કડી**